ઉધના પોલીસ સ્ટેશનની લુંટના ગુનાના આરોપીઓને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાંખતી ક્રાઇમ બ્રાંચ.

ઉધના પો.સ્ટે. I-ગુ.ર.નં.૨૦૦/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૯૨,૩૯૪,૩૯૭,૧૧૪ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો તા.૧૬/૦૮/૨૦૧૯ ના રોજ ફરીયાદીશ્રીનાઓ તા.૧૫/૦૮/૨૦૧૯ ના રોજ રાત્રીના સાડા બારેક વાગેના સુમારે ઉધના, મઢીની ખમણી પાસેથી પસાર થતા હતા આ વખતે ચાર અજાણ્યા ઇસમોએ તેઓને રોકી મોબાઇલ ફોન આપી દેવા માટે જણાવતા ફરી.શ્રીએ ઇન્કાર કરતા મજકુર આરોપીઓ પૈકી એક ઇસમે ફરી.શ્રીને ડાબા પડખામાં ચપ્પુનો ઘા મારી વીવો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ!.૧૦,૦૦૦/-ના મત્તાની લુંટ કરી નાશી ગયેલ હતા. સદરહું ગુનો શોધી કાઢવા માટે ક્રાઇમ બ્રાંચના પો.સ.ઇ. સી.એચ.પનારા નાઓ તથા હે.કો. હરીસિંહ વિરસંગભાઇ તથા હે.કો. હરપાલસિંહ જશુભા નાઓને મળેલ બાતમી હકીકત આધારે લીંબાયત, નીલગીરી સર્કલ પાસેથી આ લુંટનો ગુનો આચરનાર ટોળકી પૈકીના ત્રણ આરોપીઓ (૧) ઋતિક ઉર્ફે ગાવતી S/O પ્રવિણભાઇ પાટીલ, ઉ.વ.૧૯, રહે,લીંબાયત, રતનચોક, મરાઠી હાઇસ્કુલ પાસે, માસી શોભાબેન અભિમન્યુ પાટીલના ઘરે, સુરત (૨) રોહીત ઉર્ફે ભુરીયો S/O તારાચંદ કોળી, ઉ.વ.૧૯, રહે,લીંબાયત, સાંઇબાબા મંદિર પાસે, નવાનગર સોસાયટી, ગણેશ સાલેના મકાનમાં ભાડેથી, સુરત (૩) અનિલ ઉર્ફે અમિત S/O બાબુભાઇ ધોડિયા પટેલ ઉ.વ.૨૧, રહે,લીંબાયત, સાંઇબાબા મંદિર પાસે, નવાનગર સોસાયટી, મનીષ મરાઠીના મકાનમાં ભાડેથી, સુરત નાઓને લુંટમાં ગયેલ મુદ્દામાલનો વિવો કંપની મોબાઇલ ફોન તેમજ ગુનો આચરતી વખતે ઉપયોગમાં લીધેલ હોન્ડા ડ્રીમ યોગા મો.સા.નંબર- GJ-05-MH-2578 સાથે ઝડપી પાડી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.